**સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૮**

**ચાર્જશીટ તળે હુકમ**:-

આ કામના આરોપી સામે દામાવાવ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૬૫/૨૦૧૭ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫(ગ),૨(ક)૬(ક),૮,૯,૧૦ તથા ઈ.પી.કો.કલમ ૨૭૯,તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪,૩,૧૮૧ તથા જી.પી.એકટ કલમ ૧૧૯ મુજનો ગુનો નોંધાતા તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત જુદી જુદી કલમો અન્વયે ઘોઘંબાના વિ.જયુ.મેજી.ફ.ક.શ્રીની કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરતા ત. ફોજદારી કેસ નં.૧૩૬/૧૮ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ વિ.જયુ.મેજી.ફ.ક.શ્રીનાઓ એ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૯ મુજબ હુકમ કરી આક્ષેપીત ગુનામાં મહતમ ૧૦ વર્ષ સુધીની સજાની જોવાઈ હોવાનુ તેમજ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમમાં ગુનાની ઈન્સાફી કર્યાવાહી કઈ અદાલતમાં ચાલશે તે સંબંધે કોઈ જોગવાઈ કરવામાં આવેલી ન હોય ક્રિમીનલ પ્રોસીજર કોડના કોષ્ટક-૨ ની જોગવાઈઓને લક્ષમાં લઈ ૦૭ વર્ષ થી વધુ સજાની જોગવાઈઓના ગુનાની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ અદાલત ધ્વારા ચલાવવા પાત્ર હોવાનુ માની તા.૨૦.૧.૧૮ ના રોજ હુકમ કરી આ કામ આગળની ઈન્સાફી કાર્યવહી માટે સેશન્સ અદાલતને કામ મોકલવામાં આવેલ જે સેશન્સ કેસ નં.૧૦/૧૮ થી નોંધવામાં આવેલ છે.

વિ.જયુ.મેજી.ફ.ક.શ્રીએ કરેલ અવલોકન મુજબ તેમજ સંબંધીત કાયદાની જોગવાઈ ઓ જોવામાં આવે તો આરોપી સામે આક્ષેપીત ગુનામાં મહતમ ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે તેમજ આ અધિનિયમમાં ઈન્સાફી કાર્યવાહી કઈ અદાલતમાં ચાલશે તેવુ જણાવેલુ નથી, આ તબકકે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ માં કરવામાં આવેલા સુધારાની જોગવાઈઓ જોવામાં આવે તો આ અધિનિયમની કલમ-૬૫ ના ગુના માટે મહતમ ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રુા.૫,૦૦,૦૦૦/- સુધીના દંડની શિક્ષા ઠરાવવામાં આવેલી છે તેમજ આ ગુજરાત નશાબંધી અધિનિયમમાં પણ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કઈ અદાલતમાં ચાલશે તે સંબંધે કોઈ જોગાવા કરવામાં આવેલી નથી. નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષની ફોજદારી કેસ નં.૮૮૯૨/૧૮(જયંતીભાઈ મકનભાઈ ડામોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત)નુ નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદો

વંચાણે લેવામાં આવે તો, નામદાર વડી અદાલતે ક્રિમીનલ પ્રોસીજર કોડના કોષ્ટક–ર નુ અર્થઘટન કરી ગુજરાત પ્રોહીબીશનના ગુનાની કલમ–૬૫(ઈ) કે જેમાં ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ નકકી કરવામાં આવેલી તેવા ગુના ચલાવવાની સત્તા જયુ. મેજી.ફ.ક,કોર્ટને રહેતી હોવાનુ ઠરાવેલ છે. પસ્તુત કેસમાં પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબની વિગતે આરોપી સામેના આક્ષેપીત ગુનામાં મહતમ ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ આ અધિનિયમમાં પણ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સંબંધે કોઈ જોગવાઈ કરવામાં આવેલી નથી આમ નામદાર ગુજરાત વડી અદાલતે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ ના ગુનાઓ ચલાવવાની સત્તા જયુ.મેજી.ફ.ક, કોર્ટને ઠરાવેલ છે તે પ્રસિધ્ધ કરેલા સિધ્ધાંત પ્રસ્તુત કેસની હકીકતો સાથે સ્પષ્ટપણે સુસંગત છે અને તે સંજોગોમાં આરોપી સામેના આક્ષેપીત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુ.મેજી.ફ.ક, ઘોઘંબાની રહેલ છે અને જે રીતે આ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૦૯ નીચે કમીટ કરવાનો હુકમ કરેલ છે તે ભુલ ભરેલો હોવાનુ જણાય આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– આરોપી સામેના આક્ષેપીત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુ.મેજી.ફ.ક.,કોર્ટ ઘોઘંબાની હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ રર૮(૧)(ક) અન્વયે આ કેસ આગળની કાર્યવાહી માટે જયુ.મેજી.ફ.ક,કોર્ટ ઘોઘંબાને પરત મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામનુ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જયુ.મેજી.ફ.ક.,કોર્ટ, ઘોઘંબાને મોકલી આપવુ તેમજ તેવુ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ મળેથી જયુ.મેજી.ફ.ક.શ્રીનાઓએ આગળની ઈન્સાફી કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તા.૩જી માહે ઓગસ્ટ, સને ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૩/૦૮/ર૦૧૮
સ્થળ : હાલોલ.

**(એચ.એચ.ઠકકર)**
ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ,
પંચમહાલ, મુ.હાલોલ.
(કોડ નં.જીજે ૦૦૫૩૩)

ડી.ઓ.રાણા